JAIN JAGRUTI CENTRE
CENTRAL BOARD CHARITABLE TRUST

# JAIN JAGRUTI CONNECT

ISSUE - 10 APRIL 2026 & GUJARAT MEET 2026

લોકોને જોડવાનો એક પ્રયાસ...

રત્ન કણિકા

સુખની લાગણીનો જો કાયમી અનુભવ કરવો હોય તો ફરિયાદ અને ખુલાસા કરવાનું બંધ કરી દો. -સમજણનું સુખ

અનિવાર્ય રીતે કાર્યને સર્જનાર તત્વ એનું નામ 'કારણ'...
અને કાર્ય થવાની સંભાવના ધરાવનાર તત્વ એનું નામ 'નિમિત્ત' ! -સચોટ વ્યાખ્યા

જૈન જાગૃતિ સેન્ટર
સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦૨૪-૨૦૨૬

સંજય બી. શાહ
ચેરમેન-કાયમી ટ્રસ્ટી

જીતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ. ચેરમેન -કાયમી ટ્રસ્ટી

પ્રફુલ વી. કામદાર
વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

રાજેશ સી. ગાંધી
વાઇસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

અમિત ડી. કોઠારી
સેક્રેટરી-હોલ્ડીંગ ટ્રસ્ટી

અનિલ જી. દોશી
સેક્રેટરી-કાયમી ટ્રસ્ટી

રાજેશ આર. ભણશાલી
ખજાનચી-કાયમી ટ્રસ્ટી

હર્ષદ જે. ગાંધી
કાયમી ટ્રસ્ટી

પ્રવિણ જી. શાહ
દાતા ટ્રસ્ટી

નિલેશ કે. શાહ
દાતા ટ્રસ્ટી

કમલેશ સી. શાહ
દાતા ટ્રસ્ટી

કીર્તિ કે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

રશ્મિકાંત જે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

મિનેશ ડી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

મુકેશ સી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

નિતીન આર. પારેખ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી



## ચેરમેનશ્રીની કલમે...

સાદર જય જિનેન્દ્ર પ્રણામ...

ગુજરાત મીટ - ૨૦૨૬માં રાજકોટ ખાતે આપણે સૌ પ્રત્યક્ષ મળ્યા... જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટે અત્યાર સુધી જે કાર્યો કર્યા છે અને અત્યારે હાલમાં જે કાર્યો કરી રહ્યું છે તેનો વિગતવાર અહેવાલ અને નવા પ્રોજેક્ટો માટે ગાઇડલાઇન અને મેપ સવિસ્તાર પ્રસ્તુત કર્યો.

આટલી મોટી સંખ્યામાં આપ સૌએ હાજર રહીને આપણા આ દરેક પ્રોજેક્ટોને જે ઉમળકા સાથે વધાવી લીધા તે બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર... આભાર... !

મિત્રો ત્યારબાદ ચૈત્ર માસની શાશ્વતી ઓળી દરમિયાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકને દરેક સેન્ટરોએ પોત પોતાની રીતે ઉજવ્યું તેમાંના અમુક સેન્ટરોની માહિતી અહીં પ્રસ્તુત કરેલ છે.

કાળ-ઝાળ ગરમીની ઋતુમાં શીતળ મધુર છાશના વિતરણનો કાર્યક્રમ આપ સૌ સેન્ટરો મળીને ખૂબ મહેનત અને ઉત્સાહથી આગળ વધારી રહ્યા છો અને રોજે રોજ હજારો લોકોની તૃષા છીપાવી તેમના મુખ પર આનંદસહ સ્મિત લાવવાનું પુણ્ય કાર્ય કરી રહ્યા છો તે જોઇને ખરેખર આ સેવાકાર્યની યથાર્થતા અનુભવી રહ્યા છીએ.

આ અતિશય ગરમીમાં રસ્તા પર ઉભા રહી નાનો ધંધો કરી રોજી રોટી કમાનાર સમાજના નીચલા વર્ગને પણ છાયામાં ઉભા રહી ધંધો સારી રીતે કરી શકે તે માટે વિશાળ છત્રી તેને માટે ખૂબ કામ આવી શકશે, આ છત્રીનું વિતરણ પણ સેન્ટરો માટે શરૂ કરી દેવામાં આવ્યું છે. સમયાનુસાર આપના સેન્ટરોમાં પણ મોકલવામાં આવશે.

ધો. ૧૦ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સહાય માટે આપ સૌ સેન્ટરો કટિબદ્ધ થઇ રહ્યા છો અને અમને વિશ્વાસ છે કે આપણો આ પ્રોજેક્ટ પણ હાયર એજ્યુકેશન આસિસ્ટન્સની જેમ એક અન્ય ફલેગશીપ પ્રોજેક્ટ થઇ જશે.

તાજેતરના દિવસોમાં અમેરીકા-ઇઝરાયલ-ઇરાન યુદ્ધ વિરામ પામ્યું છે... તે સમગ્ર વિશ્વ માટે એક આશાના કિરણ સમાન છે, આપણે સૌ પ્રભુને પ્રાર્થના કરીએ કે આ યુદ્ધવિરામ વહેલી તકે યુદ્ધ સમાપ્તિમાં પરિવર્તિત થાય અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય.

એજ લિ. સંજય બી. શાહ
ચેરમેન
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

## સંચાલિત : માતુશ્રી મંજુલાબેન ભાઇલાલ શાહ ગર્લ્સ હોસ્ટેલ




- ✮ Ideal Location:
  Opp. Jain Derasar
- ✮ Air Conditioned Rooms
- ✮ Bed with Mattress & Pillow
- ✮ Reading Room
- ✮ Hot & Cold Water
- ✮ Free Wi-Fi. TV Lounge
- ✮ Latest Security System
- ✮ Separate Locker Cabinet
- ✮ Laundry
- ✮ Washing Machine & Dryer
- ✮ Housekeeping Facility
- ✮ Pure Jain Food Service
- ✮ Lady Warden

**B Wing, Accord Building, Opp. Jain Derasar, Sumer Nagar, Borivali (West), Mumbai - 400092.**







## Admission Open for 2027 - 2028 Only Few seats available

### JJC Central Board Charitable trust

Office : 201, Matharu Arcade, Subhash Road, Near Garware Polyester, Vile Parle (E), Mumbai - 400 057.

Tel.: 022 66956699 | 022 66973038 | M : 8779 695 306 | Email : admin@jainjagruti.com | www.jainjagruti.com

**Hostel Charges Rs.1,80,000/-* are Included with Breakfast & Dinner for the academic year.**

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

આયોજિત

## 30 મો સમૂહ લગ્નોત્સવ

સમૂહ લગ્નના સંપૂર્ણ લાભાર્થી

# જેજેસી સાયન-માટુંગા

## સમૂહ લગ્ન એટલે શું ?

એક સાથે એકજ સ્થળે અને એકજ સમયે એક કરતા વધુ યુગલોના લગ્ન કરાવવાનો સામાજિક ઉપક્રમ એટલે સમૂહલગ્ન.

**સમૂહ લગ્ન શા માટે સમાજ ને આશીર્વાદ રૂપ છે?**

**૧ - આર્થિક ભાર ઘટાડવા માટે**

લગ્નમાં થતો ભારે ખર્ચ ઘણા પરિવારો માટે મુશ્કેલ બને છે. સમૂહ લગ્નમાં ખર્ચ ઓછો થાય છે.

**૨ - સાદગી અને સદાચાર માટે** ફાજલ દેખાવ, આડંબર અને વ્યર્થ ખર્ચ ટાળીને સાદગીથી લગ્ન થાય છે.

**3 - ગરીબ અને મધ્યમ વર્ગને પણ મદદરૂપ છે.**

જેઓ પોતાની રીતે લગ્ન કરી શકતા નથી, તેઓને સહાય મળે છે.

**૪ - સામાજિક એકતા અને સમાનતા**

સમાજના દરેક વર્ગના લોકો એક સાથે લગ્ન કરે એટલે સમાનતા અને એકતા વધે છે.

**૫ - દહેજ પ્રથા સામે લડત**

સમૂહ લગ્ન દહેજ જેવી કુપ્રથાઓને ઘટાડવામાં મદદ કરે છે.

**૬ - સમય અને આયોજનમાં સરળતા**

એક જ કાર્યક્રમમાં અનેક લગ્ન થઈ જતા હોવાથી સમય અને આયોજન સરળ બને છે.

**૭ - સંસ્કાર અને મૂલ્યોનું પ્રોત્સાહન**

સાદા અને સંસ્કારી રીતે લગ્ન કરીને સમાજમાં સારો સંદેશો ફેલાય છે.

**સારાંશઃ**

૧) સમૂહ લગ્ન સમાજ માટે લાભદાયી છે, ૨) વ્યક્તિગત અને પરિવારનો ખર્ચ ઘટાડે છે. 3)સમાજ માં સમાનતા વધારે છે અને ૪)સૌથી વધુ સારા સામાજિક મૂલ્યોને મજબૂત બનાવે છે.




### જેજેસી સાયન માટુંગાના કાર્યવાહક સમિતીના સભ્યો

રશ્મિકાંત જે. શાહ -પ્રમુખ    રાજેશભાઇ સી. ગાંધી -માનદ્ મંત્રી

પ્રફુલચંદ્ર એમ. શાહ IPP * યોગેશ એમ. મહેતા -ઉપ પ્રમુખ * લલિત પી. દોશી -ઉપ પ્રમુખ

દિપક આર. શાહ -માનદ્ મંત્રી * રવિન્દ્ર વી. મહેતા -માનદ્ મંત્રી * શૈલેષ એચ. શાહ -સહ મંત્રી

અશ્વિન એચ. ગાંધી -ખજાનચી * નિતીન એસ. શાહ -સહ ખજાનચી

વિજય એમ. શેઠ * વિજય એ દોશી * સંતોષ સી. શાહ * અતુલ વી. સંઘવી

**-: સ્થળ :-**

**જે.વી.પી.ડી. ગ્રાઉન્ડ, જે. એમ. માર્ગ, જુહૂ, વિલેપારલે (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૪૯.**

**સમૂહલગ્નમાં ભાગ લેવા માટે સંપર્ક : સચિન - ૮૭૭૯૬૯૫૩૦૬**

# ભારતભરના જેજેસી સેન્ટરો દ્વારા આપણા પર્વોની ઉજવણી સાથે સામાજિક સેવાના વિવિધ કાર્યો અવિરતપણે ચાલતાજ રહે છે તેની તસ્વીરી ઝલક...

## ગોંડલની જૈન જાગૃતિ સંસ્થા દ્વારા ધાબળાનું વિતરણ



સામાજિક પ્રવૃત્તિ કરતી સંસ્થા જૈન જાગૃતિ સેન્ટર દ્વારા જૈન જાગૃતિ સેન્ટર ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગ થી શિયાળા ની ઠંડી માં જરૂરિયાત વાળા ભાઈ બેહનોને ઠંડીના રક્ષણ માટે ગરમ બ્લેન્કેટ વિતરણ કરવામાં આવેલ હતું. ઉપરાંત જાહેર જગ્યા કે ફુટપાથ પર સુતેલા ગરીબ લોકોને રાત્રિના સમયે ઠંડીના રક્ષણ માટે ગરમ બ્લેન્કેટ ઓઢાડવામાં આવ્યા હતા. આવા કુલ ૭૫ બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું




**રાપરમાં મહાવીર જન્મ કલ્યાણકની અનોખી ઉજવણી !**
**જીવદયા અને સેવાના કાર્યોથી ગુંજી ઉઠયું શહેર**

રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ.સા.ના સુશિષ્યા પૂ.અનન્યાજી મ.સા. આ.ઠા.-૪ની નિશ્રા

## જૈન જાગૃતિ સેન્ટર-જેતપુર દ્વારા ચારેય ફિરકાઓ સાથે મળીને મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી







જેજેસી ભુજ-કચ્છ માં મહાવીર જન્મ કલ્યાણકના પાવન અવસર પર ભવ્ય રથયાત્રા અને તેની સાથે શરબત તથા ઉકાળેલા પાણીના સ્ટોલ રાખેલ જેનો અંદાજે ૨૫૦૦ થી વધુ લોકોએ લાભ લીધેલ હતો.

પરસ્પરોપગ્રહો જીવાનામ્
।। જય જિનેન્દ્ર ।।

જેજેસીના અન્ય સેન્ટરો દ્વારા પણ શ્રી મહાવીર જન્મ કલ્યાણની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી... !!
જેજેસી ધંધુકા, જેજેસી ભાવનગર, જેજેસી લે. વિંગ ભાવનગર વગેરે... !!



જાયન્ટ સાઇઝની છત્રી વિતરણની શરૂઆત કરવામાં આવી રહી છે.




**જેજેસી ભુજ દ્વારા એક અનેરા સેવાકાર્યનો એક અનોખો પ્રયાસ...**

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

**આયોજિત ગુજરાત મીટ ૨૦૨૬માં સમાજસેવાના ભાગ રૂપે બે નવા પ્રોજેક્ટોના લોન્ચિંગ પ્રસંગે લગભગ ૫૦થી વધુ સેન્ટરોના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઇને સમગ્ર પ્રકલ્પોની રૂપરેખા સમજી હતી તેની તસવીરી ઝલક...**






શ્રી સંજયભાઇ શાહ



શ્રી જિતેન્દ્ર કોઠારી



શ્રી રાજેશભાઇ ગાંધી

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ ખાતે રવિવાર તા.૨૨.૦૩.૨૦૨૬ના રોજ ગુજરાત મીટ-૨૦૨૬ યોજાયેલ હતી. જેનો ખાસ ઉદ્દેશ્ય એ હતો કે 'અર્પણ નહી પણ સમપર્ણ'ની ભાવના અને તમે એકલા નથી જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તમારી સાથે છે, આપણા સમાજને એ પ્રકારનો ફરીથી સધિયારો આપવાનો સંદેશ અને સમાજસેવા કરતાજ રહેવાની કટિબદ્ધતા સાથે ૩ નવા પ્રોજેક્ટસ પ્રસ્તુત કરવામાં આવ્યા.

**પ્રોજેક્ટ ૧)** ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને આર્થિક સહાય.

**પ્રોજેક્ટ ૨)** ફેરિયાઓને સુર્યતાપ અને વરસાદથી રક્ષણ માટે મોટી છત્રીનું વિતરણ.

**પ્રોજેક્ટ ૩)** છાશ વિતરણ

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી સંજયભાઇ, આય.પી. ચેરમેન તથા પરમેનન્ટ ટ્રસ્ટી શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી પ્રફુલભાઇ કામદાર, શ્રી રાજેશભાઇ ગાંધી તથા અન્ય ટ્રસ્ટીઓએ દરેક પ્રકલ્પ અંગે ટ્રસ્ટની કામગીરી અને જેજેસી સેન્ટરો કઇ રીતે સહભાગી થશે તેની વિગતવાર સમજણ આપી હતી.








જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનુદાનિત એક્સરસાઇઝ બુકનું વિમોચન




જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટને મોમેન્ટો અર્પણ કરતા અન્ય જેજેસી સેન્ટરોના પદાધિકારીઓ




જેજેસી લેડીઝ વિંગનો કાર્યભાર સંભાળી રહેલી માનુનીઓ સમાજસેવાના કાર્યોમાં પણ
સંસ્થાની સાથે ખભેખભા મિલાવીને દરેક પ્રકારના સેવાકાર્ય કરવા માટે હંમેશા તત્પર છે...
તેનો જોશ ઉમંગ અને ખુશી તેમના ચહેરા પર સ્પષ્ટપણે દેખાઇ રહ્યો છે.



## પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર
## આ સૂત્રને સાર્થક કરી રહેલા જેજેસીના સેન્ટરોના પદાધિકારીઓ





















જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ અને
ટ્રસ્ટીઓ સાથે અન્ય જેજેસી સેન્ટરોના મહાનુભાવો






ગુજરાત મીટ-૨૦૨૬ના મિટીંગની શરૂઆતની પળો....





જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રસ્તુત કરાયેલ સમાજસેવાના પ્રોજેક્ટોને
સ્ટેન્ડીંગ ઓવેશન અને તાળીઓના ગડગડાટ સાથે વધાવી રહેલા જેજેસીના ૫૦થી વધુ સેન્ટરોના મહાનુભાવો

પોઝિટિવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
**અબતક**
સાંધ્ય દૈનિક

# જૈન જાગૃતિ સેન્ટર દ્વારા સેવાકીય પ્રકલ્પોની સરવાણી

## સંજયભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ૫૦થી વધુ સેન્ટરો રહ્યા ઉપસ્થિતઃ વર્ષે ૧ કરોડ ગ્લાસ છાશ વિતરણનો લક્ષ્યાંક

**અબતક, રાજકોટ**
સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતા 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા આગામી સમય માટેના વિરાટ માનવસેવા પ્રકલ્પોની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના મુખ્ય સંચાલક સંજયભાઈ શાહના નેજા હેઠળ ગુજરાતભરના વિવિધ સેન્ટરોના ટ્રસ્ટીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે અનેક નવી યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય લેવાયો છે.

સંસ્થા દ્વારા ગત વર્ષે ઉનાળા દરમિયાન ૩૦ થી ૩૫ લાખ ગ્લાસ છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેની સફળતાને જોતા આ વર્ષે તમામ સેન્ટરોના સહયોગથી ૧ કરોડથી વધુ ગ્લાસ છાશ વિતરણ કરવાનો ભવ્ય લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, શિયાળાની ઋતુમાં અંદાજે ૨૦૦૦થી વધુ ધાબળાનું વિતરણ કરી નિરાધાર લોકોને ઠંડીથી રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થા હવે શિક્ષણ અને નાના વેપારીઓના હિતમાં પણ નવા આયામો સર કરવા જઈ રહી છે.

આ બેઠકમાં સંસ્થાના મુખ્ય સંચાલક સંજયભાઈ શાહ ઉપરાંત જીતેન્દ્રભાઈ કોઠારી, પ્રફુલભાઈ કામદાર, જયેશભાઈ ગાંધી, અમિતભાઈ કોઠારી, અનિલભાઈ દોસાઈ, રાજેશભાઈ, હરેશભાઈ, પ્રવીણભાઈ શાહ, કમલેશભાઈ, નિલેશભાઈ શાહ અને કિર્તીભાઈ શાહ સહિતના અગ્રણી ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ એકસૂત્રે માનવસેવાના કાર્યોને વધુ વેગ આપવા સંકલ્પ કર્યો હતો. સંસ્થા દ્વારા ગત વર્ષે ઉનાળા દરમિયાન ૩૦ થી ૩૫ લાખ ગ્લાસ છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેની સફળતાને જોતા આ વર્ષે તમામ સેન્ટરો દ્વારા ૧ કરોડથી વધુ ગ્લાસ છાશ વિતરણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે. આ ઉપરાંત, શિયાળામાં ૨૦૦૦થી વધુ ધાબળાનું વિતરણ કર્યા બાદ હવે ઉનાળામાં રસ્તા પર બેસતા નાના ફેરિયાઓ અને હોકર્સ માટે ૮ ફૂટની વિશાળ છત્રીઓ પૂરી પાડવાનો નવો પ્રોજેક્ટ હાથ ધરાશે. શિક્ષણ ક્ષેત્રે પણ ધોરણ ૧૦ અને ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવાની મહત્વની જાહેરાત કરવામાં આવી છે.





### છત્રી વિતરણ અને શિક્ષણ સહાય જેવા નવા સેવા કાર્યો શરૂ કરાશેઃ જીતેન્દ્ર કોઠારી



અબતક સાથેની ખાસ વાતચીતમાં જીતેન્દ્ર કોઠારી એ જણાવ્યું હતું કે, ''અમારા ટ્રસ્ટ દ્વારા આ વર્ષે કેટલાક વિશેષ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. ઉનાળાના આકરા તડકામાં રસ્તા પર બેસતા હોકર્સ અને ફેરિયાઓને રાહત મળે તે માટે ૮ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી વિશાળ છત્રીઓનું વિતરણ દરેક સેન્ટર દ્વારા કરવામાં આવશે. આ સાથે જ, કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે ધોરણ ૧૦ અને ૧૨ પછીના અભ્યાસ માટે આ વર્ષથી વિશેષ આર્થિક સહાય યોજના શરૂ કરવામાં આવી છે. આ તમામ સેવાકીય કાર્યોમાં ગુજરાતના અંદાજે ૫૦ થી ૫૨ સેન્ટરો જોડાઈ રહ્યા છે.''

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રસ્તુત કરાયેલ સમાજસેવાના પ્રોજેક્ટોનો ગુજરાતના વર્તમાન પત્રોમાં ઉલ્લેખ

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત મીટ-૨૦૨૬માં ઉત્સાહથી ભાગ લઇને
સહભાગી થનાર દરેક જેજેસી સેન્ટરોના પદાધિકારીઓનો ખૂબ ખૂબ આભાર...
આ સેવાકાર્યોને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડી શકાય તે માટે અન્ય સેન્ટરો પણ સમાજસેવાના
આ ઉમદા કાર્યોમાં જોડાઇને તેનો વિસ્તાર વધારે જેથી વધુ લોકો તેનો લાભ લઇ શકે એજ અપેક્ષા સહ....

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

## આયોજિત છાશ વિતરણ અભિયાન બીજા વર્ષે પણ અનેક સેન્ટરોમાં પુજોશમાં ચાલી રહ્યું છે.



જેજેસી પાલિતાણા


જેજેસી રજવાડી


જેજેસી ઉપલેટા


જેજેસી કાંદિવલી



જેજેસી વઢવાણ



જેજેસી મલાડ


જેજેસી વાશી



જેજેસી જુહૂબીચ



જેજેસી જુનાગઢ અને લે. વિંગ જુનાગઢ



જેજેસી સાયન-માટુંગા












# જૈન જાગૃતિ સેન્ટર (સ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪

**શાળાના વિદ્યાર્થી**

## વિદ્યાર્થી દત્તક યોજના ફંડ : શ્રીમતી

## કન્યા શિક્ષણ ફંડ : લાયન



વિદ્યાર્થી દત્તક યોજના



કન્યા શિક્ષણ ફંડ



મેડીકલ રાહત ફંડ



ગૌશાળા જીવદયા

- ★ GIRLS EDUCATION
- ★ MEDICAL ASSISTANCE
- ★ STUDENT ADOPTION SCHEME
- ★ GAUSHALA JIVDAYA
- ★ VACATION CLASSES AT SNDT COLLEGE MATUNGA

**જેજેસી (સાયન માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબના ચેરીટેબલ કાર્યો અને સહાય માટેના ફંડો ચલાવવામાં આવે છે.**

**કેળવણી શિક્ષણ ફંડ**
શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ

**મેડીકલ રાહત ફંડ**
શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ

**માનવ રાહત ફંડ**
શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ

**જીવદયા ફંડ**
શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ

**ઇન્ફોટેક ફંડ**
શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી

**સ્કોલરશીપ ફંડ**
શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઇ શાહ

**ડાયાલિસીસ ફંડ**
શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ

**અનાજ રાહત ફંડ**
શ્રીમતી મંગળાબેન જસવંતલાલ

**સર્જિકલ એઇડ ફંડ**
લાયન CA અશોક બ્રિજલાલ મોદી

# ાયન માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ

, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

## મો માટે શિષ્યવૃત્તિ

## ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ

## CA અશોક બ્રિજલાલ મોદી

પ્રિય સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૨૦,૦૦૦/–થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઇ** (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઈમાં થાણા સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ** માટે **દત્તક** લેવાનું ઉપરોક્ત બંને યોજના હેઠળ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (જેમાં શાળાની ફી તથા યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે મર્યાદિત) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરૂ નામ, બાળકની જન્મતારીખ, સરનામું, મુળવતન, ફોન નંબર
૨) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ, સરનામુ અને શાળાની ફીનું બંધારણ
૩) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોકસ, આધાર કાર્ડ તથા ધોરણ પાસ કર્યુ હોય તેની માર્કસ શીટ.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **શનિવાર, તારીખ ૨ જી મે ૨૦૨૬ થી શનિવાર, તા. ૩૦ મી મે, ૨૦૨૬** દરમ્યાનના **કોઈપણ બુધવારે** અથવા **શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન** નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.

**C/o. સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.**

૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

**નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરીને આવવુ નહી.**

સતીષભાઇ સી. શાહ * જયેન્દ્રભાઇ એમ. સંઘવી
સુરેશભાઇ કે. શાહ * હેમંતભાઇ ડી. શાહ
ટ્રસ્ટી અને કન્વીનર્સ

**રાજેશભાઇ સી. ગાંધી**
**ચેરમેન**

# આપણા જૈન ધર્મમાં જીવદયાનું એક અનેરૂં મહત્વ છે...



છેલ્લા ઘણા વર્ષોથી ચીં ચીં કરતી ચકલીઓનો ચહકાટ અને કલરવ નહિવત સાંભળવા મળે છે. જેનું મુખ્ય કારણ નાના જીવોના ઘર સમાન જંગલોનો નાશ અને શહેરોમાં વિકાસના નામે અનેક વૃક્ષોનો નાશ અને વધુમાં મોબાઇલ ટાવરોના રેડિએશનની અસરથી આ પ્રજાતિની સંખ્યા ઘણી ઓછી થઇ ગઇ છે. તેથી આ ઉનાળાની તોબા પોકરાવતી ગરમીની ઋતુમાં નાનામાં નાના પક્ષીઓ જેમાં ખાસ કરીને લુપ્ત થતી જતીચકલીઓને બચાવવા તેમને ગરમીમાં ઠંડક અને આરામ મળી રહે તે માટે ચકલીઘર અને પાણીના કુંડા, આપણે સૌ સાથે મળીને આપણા ઘરની આસપાસ વધુમાં વધુ જગ્યાએ મૂકીને, તેની પ્રજાતિને બચાવવાનો યથા યોગ્ય પ્રયાસ કરીને કુદરતના જીવનચક્રને જીવંત રાખવાનો પ્રયત્ન કરીએ....!!

---

## કુદરતનું ઋણ અદા કરવાનો અમૂલ્ય અવસર!







## ચકલીઘર - પક્ષીઓ માટે પાણીના કુંડા,
## ચોમાસાની ઋતુમાં વૃક્ષારોપણ (એક ઝાડ, જેજેસી કે નામ)

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અત્યંત હર્ષ અને ઉત્સાહ સાથે ભારતભરના તમામ જૈન જાગૃતિ સેન્ટરોને આહ્વાન કરે છે... આપણા આગામી સેવાકીય પ્રોજેક્ટ સાથે જે સેન્ટરો પોતાના શહેરમાં કે ગામમાં આ ઉમદા સેવાકાર્યમાં જોડાવા ઇચ્છતા હોય, તેમને આ પ્રોજેક્ટમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે. આવો આપણે સૌ સાથે મળીને આ સેવાકાર્યો થકી વધુમાં વધુ નાના પક્ષીઓને તેનો લાભ મળે તેવી સુંદર વ્યવસ્થા કરીએ.

**વધુ જાણકારી માટે સંપર્ક**

શ્રી અમિત કોઠારી – સેક્રેટરી +૯૧ ૯૦૦૪૮ ૮૦૦૦૧
શ્રી અનિલ દોશી – સેક્રેટરી +૯૧ ૯૩૨૪૦ ૮૧૮૧૦
શ્રી ધર્મેશ દોશી – ટ્રસ્ટ કોર્ડીનેટર (ગુજરાત) +૯૧ ૯૪૨૬૭ ૩૧૬૩૯

એજ લિ. જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ